**૦૩ (ત્રણ) આદર્શ નિવાસી શાળાઓમાં વહીવટી સ્ટાફની જગાઓ ઉભી કરવા અંગેની વર્ષ:૨૦૧૯-૨૦ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.**

**ગુજરાત સરકાર**
**આદિજાતિ વિકાસ વિભાગ**
ઠરાવ ક્રમાંક:અનશ/૨૦૨૦૧૯/ન.બા-૪૮/ગ
સચિવાલય, ગાંધીનગર
**તા.૨૬/૦૯/૨૦૧૯**

**વંચાણે લીધા:**

(૧) કમિશનરશ્રી (આ.વિ)ની કચેરીનો તા.૨૮/૦૫/૨૦૧૯ નો પત્ર નં.આવિ/અનશ/ન.બા/ફા.નં.૧૪૫૯/૨૦૧૯/૨૪૯ થી ૨૫૦

**ઠરાવ:**

ઉપરોક્ત વંચાણે લીધેલા ક્ર:(૧) પરના સંયુક્ત કમિશનરશ્રી, કમિશનર આ.વિ.ની કચેરીના પત્રથી (૧) આદર્શ નિવાસી શાળા (મિશ્ર), માંગરોળ, જિ.સુરત (૨) આદર્શ નિવાસી શાળા (મિશ્ર), મેઘરજ,જિ.અરવલ્લી (૩) આદર્શ નિવાસી શાળા (મિશ્ર),જાંખલા,જિ.સુરત ખાતે ધોરણ-૧૦નો વર્ગ શરૂ કરવા વહીવટી સ્ટાફ ફાળવવા જરૂરી હોઇ તે અંગેની વર્ષ ૨૦૧૯-૨૦ માટે નવી બાબતને વહીવટી મંજુરી આપવા અંગેની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે ઉકત ૦૩(ત્રણ) આદર્શ નિવાસી શાળાઓ ખાતે ધોરણ-૧૦નો વર્ગ શરૂ કરવા ઉકત દરેક શાળા દીઠ વોર્ડન, વર્ગ-૩ (પ.ધો-રૂ.૯૩૦૦-૩૪૮૦૦,ગ્રેડ-પે-રૂ.૪૪૦૦/-, ના.વિ ના તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ મુજબ માસિક ફિકસ પગાર રૂ.૩૮,૦૯૦/-)ની ૦૧(એક), મદદનીશ લેડી સુપ્રિટેન્ડટ, વર્ગ-૩ (પ.ધો-રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ-પે-રૂ.૪૪૦૦/-,ના.વિ ના તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ મુજબ માસિક ફિકસ પગાર રૂ.૩૮,૦૯૦/-) ની ૦૧(એક) તથા હેડ કલાર્ક (એકાઉન્ટન્ટ), વર્ગ-૩ (પ.ધો.-રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ-પે રૂ.૪૨૦૦/-,ના.વિ ના તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ મુજબ માસિક ફિકસ પગાર રૂ.૩૧,૩૪૦/-) ની ૦૧(એક) એમ કુલ મળીને ૦૯(નવ) નવી જગ્યાઓ ઉભી કરવાની તથા તેમના મહેકમ ખર્ચ અને અન્ય નિભાવ ખર્ચ પેટે કુલ રૂ.૨૨.૫૮/-લાખ(અંકે રૂપિયા બાવીસ લાખ અઠ્ઠાવન હજાર પૂરા)ની વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધિન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગનાં તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર ધોરણો **ROP-2006/ROP-2016/Pay-Matrix-Level** પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા.) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૯) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રિમતા આપવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષાના નિયમો અને ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૧) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૨) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૩) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપાવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદત પુરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાંકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૪) આઉટસોર્સીંગથી સેવાઓ લેવાની થતી હોય તેવા કિસ્સાઓમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવના આધારે કાર્યવાહીકરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્ર.૯૬, મુખ્ય સદર:૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર:૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર:૪૮-વીકેવાય-૧૪: આદર્શ નિવાસી શાળા હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૨/૦૯/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આર.આઈ.ઠક્કર)**
**ઉપસચિવ**
**આદિજાતિ વિકાસ વિભાગ**

પ્રતિ,

કમિશનરશ્રી(આ.વિ.), કમિશનર (આ.વિ)ની કચેરી, બિરસામુંડા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મદદનીશ કમિશનરશ્રી (આ.વિ), (કમિશનરશ્રી (આ.વિ)મારફત)
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી (આ.વિ.વિ),સચિવાલય,ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (કમિશનરશ્રી (આ.વિ)મારફત)
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,આ.વિ.વિ ની વેબસાઈટ પર મુકવા વિનંતી સ
- સિલેક્ટ ફાઈલ.